૨૪:૧

ચર્મચક્ષુર્ભૃત: સર્વે, દેવાશ્ચાવધિચક્ષુષ:
સર્વતશ્ચક્ષુષ: સિદ્ધા:, સાધવ: શાસ્ત્રચક્ષુષ: ૨૪-૧

<u>શબ્દાર્થ</u>: ચર્મચક્ષુર્ભૃત: = ચર્મ ચક્ષુને ધારણ કરવાવાળા, સર્વે = બધા (મનુષ્યો), અવધિચક્ષુષ: = અવધિજ્ઞાન રૂપી ચક્ષુવાળા, સર્વતશ્ચક્ષુષ: = સર્વ આત્મપ્રદેશો કેવળજ્ઞાન - કેવળદર્શન રૂપી ચક્ષુવાળા, સિદ્ધા: = સિદ્ધો, સાધવ: = સાધુઓ, શાસ્ત્રચક્ષુષ: = શાસ્ત્રરૂપી ચક્ષુવાળા

<u>શ્લોકાર્થ</u>: બધા મનુષ્યો ચર્મચક્ષુ ધારણ કરનારા છે, દેવો અવધિજ્ઞાનરૂપી ચક્ષુવાળા છે. સિદ્ધો સર્વત: (એટલે સર્વ આત્મપ્રદેશો, કેવળજ્ઞાન - કેવળદર્શન રૂપી) ચક્ષુવાળા છે અને સાધુઓ શાસ્ત્રરૂપી ચક્ષુવાળા છે.

<u>ભાવાર્થ</u>: દેવોને અવધિજ્ઞાન હોય છે. અવધિજ્ઞાન આત્મા દ્વારા થાય છે. અવધિજ્ઞાનથી ફક્ત રૂપી પદાર્થ જ જોવાય છે.
સિદ્ધ ભગવંતો અશરીરી હોય છે એટલે તેમને ચર્મચક્ષુ હોય જ નહિ. તેઓ પોતાના કેવળદર્શન અને કેવળજ્ઞાનરૂપી ઉપયોગથી સર્વ આત્મપ્રદેશોથી ૧૪ રાજલોકરૂપી વિશ્વના ભૂત, વર્તમાન અને ભાવિ એવા સર્વ પર્યાયો યુગપદ્ અનંત આંખોથી જોઈ શકે છે.
મનુષ્યના ચર્મચક્ષુથી પરિમિત પ્રદેશના બાહ્યરૂપને જોઈ શકાય છે. પરંતુ ચર્મચક્ષુથી જોયેલું ચક્ષુની શક્તિ ઉપર આધાર રાખે છે. એકના એક પ્રસંગને જોનાર જુદી જુદી વ્યક્તિના દૃષ્ટિકોણમાં ફરક પડે છે.
સાધુ ભગવંતો પાસે ચર્મચક્ષુ તો હોય જ છે, પરંતુ સાથે <u>શાસ્ત્રચક્ષુ</u> પણ હોય છે. શાસ્ત્ર કેવળીકથિત હોવાથી તે ત્રણે કાળના અને ત્રણે લોકના રૂપી-અરૂપી પદાર્થ અને ભાવોને જણાવનાર હોવાથી અપેક્ષાએ અવધિજ્ઞાન કરતાં વિશેષ મહત્વના છે.
શ્રી હેમચંદ્ર મહારાજે આ શ્લોકના સંદર્ભમાં 'શાસ્ત્ર' શબ્દની વ્યાખ્યા આપતા કહ્યું કે " જેમાં આત્યંતિક રાગ-દ્વેષાદિ કલેશ રહિત, પરમાત્મપદનું સાધન સ્યાદ્વાદ પદ્ધતિએ ઉપદેશ કરવામાં આવેલું હોય તે <u>શાસ્ત્ર</u>! સાધુને ૨૪ કલાકમાંથી ૧૫ કલાક (પાંચ પ્રહર) સ્વાધ્યાય કરવાનો હોય છે. આવા ગહન સ્વાધ્યાય દ્વારા શાસ્ત્રચક્ષુ ખૂલે છે. સ્વાધ્યાય એટલે વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા (ચિંતન) અને ધર્મકથા.

પુરઃ સ્થિતાન્ ઇવોર્ધ્વાધ-સ્તિર્યગ્ લોકવિવર્તિનઃ
સર્વાન્ ભાવાનવેક્ષન્તે, જ્ઞાનિનઃ શાસ્ત્રચક્ષુષા ૨૪-૨

<u>શબ્દાર્થ:</u> પુરઃ સ્થિતાન્ ઇવ = સન્મુખ રહેલા હોય તેમ; ઉર્ધ્વાધસ્તિર્યગ્ લોકવિવર્તિનઃ = ઊર્ધ્વ, અધો અને તિર્ચ્છા લોકમાં પરિણામ પામતા, સર્વાન્ ભાવાન્ = સર્વ ભાવોને. અવેક્ષન્તે = જુએ છે, જ્ઞાનિનઃ = જ્ઞાની પુરુષો, શાસ્ત્રચક્ષુષા = શાસ્ત્રરૂપી ચક્ષુથી

<u>શ્લોકાર્થ:</u> જ્ઞાનીઓ શાસ્ત્રરૂપી ચક્ષુ વડે ઊર્ધ્વ, અધો અને તિર્ચ્છા લોકમાં પરિણામ પામતા સર્વ ભાવોને સન્મુખ રહેલા હોય તેમ દેખે છે.

<u>ભાવાર્થ:</u> જ્ઞાની મહાત્માઓ શાસ્ત્રોનો જ્યારે નિરંતર અભ્યાસ કરતા રહે છે ત્યારે ચૌદ રાજલોકમાં સિદ્ધશિલા ક્યાં આવી, અનુત્તર દેવલોક ક્યાં આવ્યો, ત્યાંના દેવો કેવા છે, મનુષ્યલોક કેવો છે, નીચે ભવનપતિ અને વ્યંતર દેવલોક કેવા છે તથા એની નીચે નરકલોક કેવો છે ઇત્યાદિનો એવો સઘન અને સરસ અભ્યાસ થાય કે પછી એમને કોઈ ગ્રંથમાં જોવું ન પડે. તેમનું ચિત્ત આ બધી વાતોથી એવું સરસ ભાવિત થઈ જાય કે પછી એમને <u>શાસ્ત્રચક્ષુ</u> ખૂલે છે, એમનો શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ એટલી ઊંચી કોટિનો હોય છે કે માનસ પ્રત્યક્ષદર્શનથી તેમને ચૌદ રાજલોકનું બધું નજર સન્મુખ હોય એમ દેખાય છે.

શાસ્ત્રરૂપી ચક્ષુનો કેવો પ્રભાવ છે? દૂર દૂરની પરોક્ષ વસ્તુ પણ જાણે આંખની સામે વિદ્યમાન હોય તેવી જણાય છે. આ કારણે જ સાધુજીવનમાં સ્વાધ્યાય-શાસ્ત્રાભ્યાસ જ હોવો જરૂરી છે. પૂ. હરિભદ્રસૂરીજી જેમણે ૧૪૪૪ ગ્રંથો રચ્યા, પૂ. કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજી કે જેમણે સાડાત્રણ કરોડ શ્લોકોની રચના કરી, પૂ. ઉપાધ્યાય યશોવિજયજી વગેરેનાં આયુષ્ય જોઈએ તો ક્યાંય મેળ ન બેસે તેવી આ ઘટના છે. તેઓ ક્યારે ભણ્યા હશે? ક્યારે નિદ્રા લીધી હશે? ક્યારે લોકસંપર્ક ચાલુ રાખ્યો હશે? ક્યારે આટલી વિશાળ સંખ્યામાં શાસ્ત્રો લખ્યાં હશે? જો આ બધાનો હિસાબ ગણીએ તો કંઈ જ મેળ બેસતો નથી. સાધુજીવનમાં અતિશય નિરંતર સ્વાધ્યાય જ મહાત્માઓનું કર્તવ્ય હોય એમ લાગે છે.

શાસનાત્ ત્રાણશક્તેશ્ચ, બુધૈઃ શાસ્ત્રં નિરુચ્યતે
વચનં વીતરાગસ્ય, તત્તુ નાન્યસ્ય કસ્યચિત્ ૨૪-૩

<u>શબ્દાર્થ</u>: શાસનાત્ = અનુશાશનથી, હિતોપદેશ કરવાથી; ત્રાણશક્તે = રક્ષણ કરવાની શક્તિથી, ચ = અને; બુધૈઃ = પંડિતો વડે; શાસ્ત્રં = શાસ્ત્ર શબ્દની; નિરુચ્યતે = વ્યુત્પત્તિ કરાય છે; વચનં = વચન; વીતરાગસ્ય = વીતરાગનું; તત્તુ = તે તો; ન = નહિ; કસ્યચિત્ = કોઈનું.

<u>શ્લોકાર્થ</u>: હિતનો ઉપદેશ કરે અને રક્ષણ કરવાની શક્તિ ધરાવે તો શાસ્ત્ર. એવી "શાસ્ત્ર" શબ્દની વ્યુત્પત્તિ વિદ્વાનો દ્વારા કરાય છે. તે (શાસ્ત્ર) વીતરાગનું જ છે, અન્ય કોઈનું નહિ.

<u>ભાવાર્થ</u>: સંસ્કૃત ભાષાના પ્રકાંડ પંડિત પૂ. ઉપાધ્યાયજી મહારાજે અહીં 'શાસ્ત્ર' શબ્દનો સુંદર અર્થ આપ્યો છે. 'શાસ્' એટલે કહેવું અને 'ત્રૈ' એટલે રક્ષણ કરવું. 'શાસનાત્' એટલે હિતોપદેશ કરવાથી. ત્રાણ એટલે રક્ષણ. ત્રાણ શક્તિથી એટલે સર્વ જીવોને રક્ષણ આપવાની શક્તિથી. આમ શાસનાત્ + ત્રાણ ઉપરથી એટલે કે શાસ્ + ત્રા ઉપરથી શાસ્ત્ર શબ્દ બન્યો છે.

પૂ. ઉપાધ્યાયજીએ પોતાની ટીકામાં, પૂ. ઉમાસ્વાતિજી રચિત "પ્રશમરતિ" ગ્રંથમાંથી નીચેનો શ્લોક આપ્યો છે.

શાસનસામર્થ્યેન ચ સંત્રાણબલેનાનવદ્યેન
યુક્તં યત્ તચ્છાસ્ત્રં તચ્ચૈતત્ સર્વવિદ્વચનમ્

<u>ઉપરના શ્લોકનો અર્થ</u>: હિતશિક્ષાના કથનનું સામર્થ્ય હોય અને નિર્દોષનું રક્ષણ કરવાની શક્તિથી યુક્ત હોય તે શાસ્ત્ર છે અને તે સર્વજ્ઞનું વચન છે.

આમ, શાસ્ત્રવચન એટલે સર્વજીવનું હિત કરે એવું વચન અને સર્વજીવનું રક્ષણ કરે એવું વચન. જીવોના હિતની ભાવના એટલે છેક મોક્ષ સુધી પહોંચાડવાની ભાવના અને રક્ષણ એટલે સૂક્ષ્મ એકેન્દ્રિયથી માંડીને સર્વજીવો પ્રત્યે દયા, અહિંસાની ભાવના.

સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા જે વાણી પ્રકાશે તે શાસ્ત્ર કહેવાય છે. એવા વીતરાગ પ્રભુના વચનને અનુસરીને, તેનો જ આધાર લઈને છદ્મસ્થ આચાર્યો એવા મહાત્માઓ જે વાણી પ્રકાશે તે પણ 'શાસ્ત્ર' કહેવાય છે.

## ૨૭: શાસ્ત્રાષ્ટક

શાસ્ત્રે પુરસ્કૃતે તસ્માદ્ વીતરાગઃ પુરસ્કૃતઃ
પુરસ્કૃતે પુનસ્તસ્મિન્ નિયમાત્ સર્વસિદ્ધયઃ ૨૭-૪

શબ્દાર્થ: શાસ્ત્રે = શાસ્ત્રને, પુરસ્કૃતે = આગળ કરવાથી, તસ્માદ્ = તેથી, વીતરાગઃ = વીતરાગને, પુરસ્કૃતઃ = આગળ કર્યા છે; પુરસ્કૃતે = આગળ કરવાથી, પુનઃ = વળી, તસ્મિન્ = તેમને; નિયમાત્ = નિયમા, અવશ્ય; સર્વસિદ્ધયઃ = સર્વ સિદ્ધિઓ થાય છે.

શ્લોકાર્થ: તેથી શાસ્ત્રને આગળ કર્યું એટલે વીતરાગને આગળ કર્યા, વળી વીતરાગને આગળ કર્યા એટલે અવશ્ય સર્વ સિદ્ધિઓ થાય છે.

ભાવાર્થ: કોઈ સરસ ઉત્તમ ગ્રંથ હાથમાં આવે કે હૃદય ડોલાવે એવી કોઈ શ્રેષ્ઠ કાવ્યકૃતિ વાંચવામાં આવે તો તેના કર્તા માટે આપણને બહુમાન થાય. સ્થૂલ ભૌતિક વસ્તુઓ માટે પણ જો આવો આનંદ થાય તો પછી જેમણે આપણને મોક્ષ માર્ગ બતાવ્યો છે અને એ માટે આપણને આગમો રૂપી શાસ્ત્રો આપ્યા છે એ તીર્થંકર પરમાત્મા માટે કેટલો બધો આનંદ થાય.

પૂજ્ય શ્રી હરિભદ્રસૂરિજીએ "શ્રી ષોડશક" ગ્રંથમાં લખ્યું છે કે "તીર્થંકર પ્રણીત આગમ હૃદયમાં હોય ત્યારે પરમાત્મા તીર્થંકર ભગવંત હૃદયમાં હોય છે, કારણકે તેઓ તેના સ્વતંત્ર પ્રણેતા છે અને જ્યારે તીર્થંકર હૃદયમાં હોય ત્યારે અવશ્ય સર્વસિદ્ધિઓ પ્રાપ્ત થાય છે." સર્વજ્ઞ વીતરાગના વચનમાં ક્ષતિ હોઈ જ ન શકે. અહીં સિદ્ધિની જે વાત કરી છે તે સમ્યગ્દર્શનની, કેવળજ્ઞાનની સિદ્ધિની વાત છે કોઈ ભૌતિક પદાર્થની કે પુદ્ગલના સંગની વાત નથી.

તીર્થંકર પ્રભુએ જ અર્થથી શાસ્ત્ર કહ્યું અને ગણધર ભગવંતોએ સૂત્રરૂપે શાસ્ત્ર રચ્યું અને ત્યાર પછીના તમામ આચાર્યોએ તો સૂત્રનું પઠન-પાઠન કરતાં કરતાં આપણા સુધી તે સૂત્ર લાવ્યું. તેથી તીર્થંકર પ્રભુથી માંડીને તમામ આચાર્ય વગેરે મહાપુરુષો આપણા સુધી શાસ્ત્ર લાવવામાં ઉપકારી છે.

જેઓ આગમ ઉપર આદરભાવવાળા બને છે તેઓ અવશ્ય અરિહંત પરમાત્મા, મુનિમહારાજ અને ચતુર્વિધ સંઘ ઉપર પણ આદરભાવવાળા બને છે.

# ૨૪ : શાસ્ત્રાષ્ટક

અદૃષ્ટાર્થેઽનુધાવન્તઃ, શાસ્ત્રદીપં વિના જડાઃ
પ્રાપ્નુવન્તિ પરં ખેદં, પ્રસ્ખલન્તઃ પદે પદે ૨૪-૫

**શબ્દાર્થ:** અદૃષ્ટાર્થે = નહિ જોયેલા અર્થમાં, પરોક્ષ અર્થમાં; અનુધાવન્તઃ = પાછળ દોડતા; શાસ્ત્રદીપં = શાસ્ત્રરૂપી દીવો; વિના = વગર; જડાઃ = જડ લોકો, અવિવેકી માણસો; પ્રાપ્નુવન્તિ = પ્રાપ્ત કરે છે, પામે છે. પરં = અત્યંત, ખેદં = ખેદ, કલેશ; પ્રસ્ખલન્તઃ = ઠોકરો ખાતા, પદે પદે = પગલે પગલે

**શ્લોકાર્થ:** શાસ્ત્રરૂપી દીપક વિના, અદૃષ્ટ અર્થમાં (પરોક્ષ અતીન્દ્રિય વિષયમાં) પાછળ પાછળ દોડતા જડ (અવિવેકી) મનુષ્યો પગલે પગલે ઠોકર ખાતા અત્યંત ખેદ પામે છે.

**ભાવાર્થ:** જે વસ્તુ ઈન્દ્રિયોથી સમજાતી નથી, પરોક્ષ છે, અતીન્દ્રિય છે તેને સમજવા માટે શાસ્ત્રનો (સર્વજ્ઞનો અને તેમના વચનોનો) આધાર લેવો અત્યંત આવશ્યક છે. જેઓ શાસ્ત્રરૂપી દીપકને ધારણ કર્યા વિના તેનો અભ્યાસ કર્યા વિના, તેનો આધાર લીધા વિના અદૃષ્ટ પદાર્થોને વિષે પોતાની બુદ્ધિથી વિકલ્પો કરવારૂપી ઘોડા દોડાવે છે તેઓ જડ છે, મૂર્ખ છે અને અજ્ઞાની છે.

અતીન્દ્રિય પદાર્થો ઘણા છે. આત્મા, મોક્ષ, નિગોદના જીવો, સંવર, નિર્જરા, કર્મ, પરભવ, પૂર્વભવ .. વગેરે આપણે જોઈ શકતા નથી. શાસ્ત્ર અને શાસ્ત્રકાર આપણને સમજાવે છે કે આત્માનું કલ્યાણ કરનારા સંવર, નિર્જરા અને મોક્ષ છે. આ ત્રણ તત્ત્વોનું યથાર્થ જ્ઞાન મેળવવાથી અને યથાર્થ આચરણ કરવાથી આત્માનું કલ્યાણ થાય છે. જિનેશ્વર ભગવાન કથિત શાસ્ત્રો એ લક્ષ્ય સુધી પહોંચાડનારું પ્રબળ સાધન છે. ગુરુપરંપરાએ પ્રાપ્ત એવા શાસ્ત્રકથનથી, શાસ્ત્રજ્ઞાનથી અનેક જીવોનો ઉદ્ધાર થયો છે.

આખું જગત અજ્ઞાનરૂપી એટલે કે મિથ્યાત્વરૂપી અંધારથી ભરેલું છે. સૂર્યનો ઝળહળતો પ્રકાશ હોય તો પણ ઠેર ઠેર મિથ્યાત્વરૂપી અંધારમાં અટવાતા જીવોને જોઈને જ્ઞાનીને દયા આવે છે.

શાસ્ત્ર અંધારમાં દીપકની ગરજ સારે છે. જેઓ શાસ્ત્રનો અનાદર કરે છે, અસ્વીકાર કરે છે તેઓ અંધારામાં દીવા વગર ચાલતા અને પગલે પગલે ઠોકર ખાતા મુસાફર જેવા છે, શાસ્ત્રરૂપી દીપક જીવને મિથ્યાત્વરૂપી અંધારમાં માર્ગ બતાવી ક્રમે ક્રમે છેક મોક્ષ સુધી પહોંચાડી શકે છે.

શુદ્ધોઞ્છાદ્યપિ શાસ્ત્રાજ્ઞાનિરપેક્ષસ્ય નો હિતમ્
ભૌતહન્તુર્યથા તસ્ય, પદસ્પર્શનિવારણમ્ ૨૪-૫

<u>શબ્દાર્થ:</u> શુદ્ધોઞ્છાદ્યપિ = શુદ્ધ ભિક્ષા વગેરે પણ, શાસ્ત્રાજ્ઞાનિરપેક્ષસ્ય = શાસ્ત્રની આજ્ઞાની અપેક્ષા વગરનો, સ્વચ્છંદમતિવાળાનો; ન = નહિ; હિતમ્ = હિત કરનાર; ભૌતહન્તુ = ભૌતમતિને હણનારનો; યથા = જેમ; તસ્ય = તેના; પદસ્પર્શ = ચરણ સ્પર્શનો; નિવારણમ્ = નિવારવો, નિષેધ કરવો.

<u>શ્લોકાર્થ:</u> જેમ ભૌતમતિને હણનારનો તેના (ભૌતમતિના) પગના સ્પર્શનું નિવારણ હિતકર નથી, તેમ શાસ્ત્રની આજ્ઞાની અપેક્ષા રહિત શુદ્ધ ભિક્ષા વગેરે બાહ્ય આચાર પણ હિતકારી નથી.

<u>ભાવાર્થ:</u> દર વર્ષે અનેક શ્રાવક-શ્રાવિકાઓ દીક્ષા લઈને પોતપોતાના સમુદાયમાં જોડાય છે. તેઓ પોતાના ગુરુ ભગવંતની કે ગચ્છાધિપતિની આજ્ઞામાં રહે છે. ગચ્છાધિપતિ શાસ્ત્રની સમાચારી મુજબ પોતાનું જીવન જીવે છે અને સમુદાયને પણ એ પ્રમાણે આચાર પાલન માટે કહે છે. આ બધામાં સૌથી મહત્ત્વની વાત તે આજ્ઞા છે. એટલા માટે કહ્યું કે "આણાએ ધમ્મો".
આજ્ઞા પ્રમાણે ધર્મનું પાલન કરવું અને આજ્ઞા એ જ ધર્મ. આ આજ્ઞા આવે છે ક્યાંથી? ગુરુપરંપરાએ જોતા જોતા છેવટે તો ભગવાનનાં વચનોમાંથી, આગમ ગ્રંથોમાંથી, શાસ્ત્રોમાંથી આજ્ઞા આવે છે. આજ્ઞામાં સિદ્ધાંતની વાત હોય અને આચરણની વાત હોય. કેટલાક આચરણાનું પાલન બરાબર કરે પણ સિદ્ધાંતનું નહિ. તેઓ શાસ્ત્રની આજ્ઞાનું હાર્દ કે રહસ્ય બરાબર ન સમજ્યા હોય એવું બને. આવા સંજોગોમાં આચરણા કરતાં પણ સિદ્ધાંતના મર્મનું, આજ્ઞાનું મહત્ત્વ વધારે ગણાય.

કોઈ સાધુ મહારાજ આચરણા બરાબર પાળે, જેમ કે બેતાલીસ દોષ રહિત ગોચરી વહોરી લાવે અને તે પ્રમાણે વાપરે, સંથારો, કેશલોચ, બ્રહ્મચર્યનું પાલન, પ્રતિક્રમણ, પડિલેહણ વગેરે ક્રિયાઓ કરે, આયંબિલ કે ઉપવાસ વગેરે તપશ્ચર્યાનું પાલન ચુસ્ત રીતે કરે, પણ પોતાના ગુરુ ભગવંતની આજ્ઞા એટલે કે શાસ્ત્રની આજ્ઞા ઉત્થાપે તો એથી એમનું આત્મહિત થતું નથી.

મુનિ મહારાજનું જીવન શાસ્ત્ર-સાપેક્ષ હોવું જોઈએ. શાસ્ત્ર-સાપેક્ષ એટલે શાસ્ત્રને માન્ય હોવું જોઈએ. શાસ્ત્રની આજ્ઞાનું મહત્વ સમજવું જરૂરી છે. આ સંદર્ભમાં જૂના કાળનું એક દૃષ્ટાંત આપવામાં આવે છે.

ભીલ જાતિનો એક રાજા હતો. રાજાને લાગ્યું કે પોતાને કોઈક ગુરુ હોવા જોઈએ. તપાસ કરતાં દૂર એક ગામમાં સન્યાસી મહારાજ છે એમ જાણ્યું. સન્યાસીનું નામ ભૌતમતિ. રાજા પોતાની રાણી, પરિવારના સભ્યો અને સેવકો સાથે ભૌતમતિના દર્શને ગયો. ભૌતમતિથી તેઓ પ્રભાવિત થયા અને ભૌતમતિને પોતાના ગુરુ બનાવ્યા. ગુરુના ચરણ અત્યંત પવિત્ર ગણાય એટલે બધાએ ભૌતમતિના ચરણ સ્પર્શ કર્યાં.

રાજા પોતાના ગામમાં પાછા ફર્યા. ભૌતમતિ ગુરુની પ્રશંસા કરી. રાણીએ કહ્યું કે ભૌતમતિ પાસે મોરના પીંછાવાળું જે છત્ર છે તે બહુ સુંદર છે. મારે એ છત્ર જોઈએ. રાણીએ હઠ લીધી એટલે રાજા ગયો ભૌતમતિ પાસે. રાણીને છત્ર બહુ ગમી ગયું છે એવી વાત કરી. ભૌતમતિને રાજાએ પૂછ્યું 'આ છત્ર તમો રાણી માટે આપો." ભૌતમતિએ કહ્યું: છત્ર અમારાથી અપાય નહિ. રાજાએ આગ્રહ કર્યો તો પણ ભૌતમતિએ "ના" કરી. એથી ગુસ્સે થયેલો રાજા પોતાના ગામમાં પાછો આવ્યો. રાણી નિરાશ થઈ અને ગુસ્સો ભરાયો. એટલે રાજાએ સૈનિકોને આજ્ઞા કરી કે ગુરુ પાસેથી છત્ર પડાવી લાવો. જરૂર પડે તો ગુરુનો વધ કરીને પણ છત્ર ~~[illegible]~~ લઈ આવો. પણ બાણ એવી રીતે મારજો કે જેથી ગુરુના પવિત્ર ચરણને કંઈ ન થવું જોઈએ.

સૈનિકો ભૌતમતિને મારીને છત્ર લઈ આવ્યા. ત્યારે રાજાએ પ્રશ્ન કર્યો કે ગુરુના ચરણને કશું થયું નથી ને? કારણ કે ગુરુના ચરણ બહુ પવિત્ર વસ્તુ છે.

સૈનિકોએ કહ્યું કે ભૌતમતિ મૃત્યુ પામ્યા, પણ એમના ચરણને કશી ઈજા થઈ નથી ત્યારે રાજાએ પ્રસન્ન થઈ સૈનિકોને શાબાશી આપી. ભિલરાજની ગુરુભક્તિ કેવી!

શાસ્ત્રની આજ્ઞાનો ભંગ કરીને ભલેને તમે શુદ્ધ ૪૨ દોષરહિત ગોચરી લઈ આવો, મહાવ્રતો પાળો ... પરંતુ આજ્ઞાનો ભંગ કર્યો એટલે આત્માને જ હણી નાંખ્યો. જિનાજ્ઞા – શાસ્ત્રની આજ્ઞાનો મર્મ ન સમજો અને બધી ક્રિયાઓ ચીવટપૂર્વક કરો તો પણ આત્માનું હિત સધાતું નથી.

## ૨૪ : શાસ્ત્રાષ્ટક

P. ~~330~~
P. 329

અજ્ઞાનાહિમહામંત્રં સ્વાચ્છન્દ્યજ્વરલંઘનમ્
ધર્મારામસુધાકુલ્યાં શાસ્ત્રમાહુર્મહર્ષયઃ ૨૪-૧

<u>શબ્દાર્થ</u>: અજ્ઞાનાહિ = અજ્ઞાન + અહિ = અજ્ઞાનરૂપી સર્પ, મહામંત્રં = મહામંત્ર, સર્પનું ઝેર ઉતારવામાં મહામંત્ર સમાન, સ્વાચ્છન્દ્ય = સ્વચ્છંદતા, જ્વર = તાવ, લંઘનમ્ = લાંઘણ, ઉપવાસ, ધર્મારામ = ધર્મરૂપી ઉદ્યાન, સુધાકુલ્યાં = સુધા અર્થાત્ અમૃતની નીક જેવા, શાસ્ત્રં = શાસ્ત્રને, આહુઃ = કહે છે, મહર્ષયઃ = મહર્ષિઓ

<u>શ્લોકાર્થ</u>: મહર્ષિઓ શાસ્ત્રને, અજ્ઞાનરૂપી સર્પને વશ કરનાર (સર્પનું ઝેર ઉતારનાર) મહામંત્ર સમાન, સ્વચ્છંદતારૂપી જ્વરને ઉતારવામાં લાંઘણ સમાન; ધર્મરૂપી ઉદ્યાનમાં અમૃતની નીક સમાન કહે છે.

<u>ભાવાર્થ</u>: આ શ્લોકમાં ત્રણ ઉપમાઓ દ્વારા શાસ્ત્રની મહત્તા સમજાવી છે.
(૧) મહર્ષિ પુરુષો શાસ્ત્રને અજ્ઞાનરૂપી સર્પના વિષને ઉતારવામાં મહામંત્ર સમાન કહે છે. કોઈને સર્પ-દંશ થયો હોય અને તેનું ઝેર શરીરમાં ફેલાયું હોય તો ગારુડ મંત્રજાપ કરાવવાથી સર્પનું વિષ ઉતરી જાય છે. જ્ઞાનાવરણીય અને મિથ્યાત્વમોહનીય કર્મના ઉદયથી અજ્ઞાનતા અને મોહનો ડંખ અનાદિકાળથી લાગેલો છે. તેનું વિષ આત્મામાં વ્યાપેલું છે. તે વિષ ઉતારવામાં સર્વજ્ઞ પ્રભુએ કહેલા શાસ્ત્રો (જિનવાણી) ગારુડ મંત્ર તુલ્ય છે.
(૨) સ્વચ્છંદતા એ મોહનો જ્વર એટલે કે તાવ છે. જ્યાં સુધી જીવમાં સ્વચ્છંદતા છે ત્યાં સુધી તેને મોક્ષ માટે યોગ્યતા પ્રાપ્ત થતી નથી. તાવ ઉતારવા માટેનો આયુર્વેદ પ્રમાણે પ્રથમ ઉપાય લાંઘણ કરવા ઉપવાસ છે. સ્વચ્છંદતારૂપી તાવ ઉતારવા માટે શાસ્ત્ર લાંઘણ સમાન છે.
(૩) શાસ્ત્ર અમૃતની નીક સમાન છે. ધર્મરૂપી બગીચો સુકાઈ જતો અટકાવવાનું કામ શાસ્ત્રો કરે છે. સતત શાસ્ત્રનો અભ્યાસ કરવાથી અને સતત શાસ્ત્રશ્રવણથી આત્મામાં પ્રગટેલો જૈન ધર્મ નવપલ્લવિત રહે છે. મોહદશા અને અજ્ઞાનદશા સર્વથા નાશ પામે છે.
'શાસ્ત્ર' કે જેના અર્થ પ્રભુ તીર્થંકર ભગવંતે કહેલા છે અને જેને લિપિબદ્ધ શ્રી ગણધર ભગવંતે કરેલા છે. પૂર્વાચાર્ય ભગવંતોએ જેના અર્થોને લોકભોગ્ય બનાવેલા છે, તે શાસ્ત્રનું નિરંતર ચિંતન કરવું જોઈએ.

# ૨૭: શાસ્ત્રાષ્ટક

શાસ્ત્રોક્તાચારકર્તા ચ, શાસ્ત્રજ્ઞઃ શાસ્ત્રદેશકઃ
શાસ્ત્રૈકદૃગ્ મહાયોગી, પ્રાપ્નોતિ પરમં પદમ્ ૨૭-૮

**શબ્દાર્થ:** શાસ્ત્રોક્ત = શાસ્ત્રમાં કહેલ, આચારકર્તા = આચાર પાળનાર, ચ = અને. શાસ્ત્રજ્ઞ = શાસ્ત્રને જાણવાવાળા, શાસ્ત્રદેશક = શાસ્ત્રનો ઉપદેશ કરનાર, શાસ્ત્ર અનુસાર ઉપદેશ આપનાર; શાસ્ત્રદેશક = શાસ્ત્રમાં એક દૃષ્ટિવાળા, માત્ર શાસ્ત્રાનુસાર દૃષ્ટિવાળા. મહાયોગી = મહાન યોગી. પ્રાપ્નોતિ = પામે છે, પરમં પદં = પરમ પદને.

**શ્લોકાર્થ:** શાસ્ત્રમાં કહેલા આચારનો પાળનાર, શાસ્ત્રને જાણનાર, શાસ્ત્રનો ઉપદેશ આપનાર અને શાસ્ત્રમાં એક દૃષ્ટિવાળા મહાન યોગી પરમ પદને પામે છે.

**ભાવાર્થ:** આ શ્લોકમાં સમજાવેલા ચાર વિશેષણવાળા મહામુનિઓ પરમપદને પ્રાપ્ત કરે છે.

(૧) શાસ્ત્રોક્તાચારકર્તા જૈન આગમોમાં કહેલા આચારને પાળનારા, શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે સાધુ સમાચારી પાળનારા, સ્વચ્છંદતાનો ત્યાગ કરનારા, નિરહંકારી એવા મહાયોગી પરમપદને પામે છે.

(૩) શાસ્ત્રદેશક: સંસારી જીવો પરમાત્માના આગમશાસ્ત્રો જાણે, સમજે અને માર્ગ પર ચઢે એવી ભાવ કરુણાપૂર્વક શાસ્ત્રોનો ઉપદેશ આપનારા મહાયોગી પુરુષો પરમપદને પામે છે.

(૨) શાસ્ત્રજ્ઞ: સ્યાદ્વાદમય શાસ્ત્રોને સારી રીતે જાણનારા, વ્યવહારનયથી આત્મા મલીન છે માટે મલીનતા દૂર કરવા ધર્મની જરૂર છે. નિશ્ચયનયથી આત્મા શુદ્ધ છે તો શુદ્ધતા મેળવવા ધર્મની જરૂર છે. આમ સાપેક્ષતાપૂર્વક સર્વ બાબતોનો સમન્વય કરનારાં એવા આગમોનો જે અભ્યાસ કરે છે તે મુનિ પરમ પદને પ્રાપ્ત કરે છે.

(૪) શાસ્ત્રૈકદૃગ્ નિરંતર આગમોના જ ઊંડા સૂક્ષ્મ અર્થોને જાણવામાં - પ્રકાશવામાં - લખવામાં અને લખાવવામાં જ જેની દૃષ્ટિ લાગેલી છે તે મહાયોગી પરમપદને પામે છે.

મુનિ ભગવંતનું આચરણ શાસ્ત્રાનુસાર, જિનાજ્ઞા અનુસાર હોવું જોઈએ. આચરણની સુવાસ જુદી છે. આચરણથી અંતરની પરિણતિ વિશુદ્ધ થાય છે અને વીર્યોલ્લાસ અનુભવાય છે. જેણે આત્મહિત કરવું છે તેના માટે શાસ્ત્ર સિવાય બીજો કોઈ માર્ગ નથી.